1. ડેલહાઉસીએ રાજાઓનો કયો અધિકાર નામંજૂર કર્યો?

- ડેલહાઉસી એ પોતાની વિસ્તારવાદી નીતિને વ્યાપકરૂપ આપવા માટે ભારતના રાજાઓના દત્તક પુત્ર લેવાના અધિકાર નામંજૂર કર્યા, જેના પરિણામે સતાશ, જેતપુર, સંભલપુર, બધાટ, ઉદેપુર, ઝાંસી, નાગપુર અને અવધના રાજ્યોને ખાલસા કરવામાં આવ્યા.

2. અંગ્રેજોએ હિંદને કેવું બજાર બનાવી દીધું?

- અંગ્રેજો એ હિદને કાચો માલ પ્રાપ્ત કરવાનું સંસ્થાનું તથા તૈયાર. માલ વેચવાનું બજાર બનાવી દીધું હતું .

3. ઇંગ્લેન્ડનો માલ ભારતમાં શાથી સસ્તો પડવા લાગ્યો ?

- કંપની સરકારે માલની હેરફેર થતાં આવકજાવક પરના કરવેરા વધાર્યા જીવનજરૂરિયાતો અને તમામ ચીજવસ્તુઓ પરનો જકાતવેરો ત્રણથી સાત ગણો વધાર્યો, ઇંગ્લેન્ડથી ભારત આવતા કાપડ અને માલ પર સરકાર નજીવી આયાત જકાત લેતી, જયારે ભારતથી ઇંગ્લેન્ડ જતા કાપડ અને માલ પર ભારે જકાત લેવામાં આવતી , આથી ઇંગ્લેન્ડનો માલ ભારતમાં સસ્તો પડવા લાગ્યો.

4. કયાં કારણોથી સંગ્રામો સર્જાય છે?

- રાજકીય દમન, વહીવટી ગેરવ્યવસ્થા, લશ્કરી અસંતોષ, પરાધીનતાનું દુઃખ , આર્થિક શોષણ , સામાજિક ભેદભાવ, રંગભેદની નીતિ, રાષ્ટ્રીય સંસ્કૃતિ તથા ધર્મ પ્રત્યે ઉદાસીનતા, ધાર્મિક અસહિષ્ણુતા, શાસિતોને વહીવટમાં હિસ્સો આપવાનો ઇક્કાર વગેરે કારણોથી સંગ્રામ સર્જાય છે.

5. 1857નો પ્રથમ બનાવ ક્યાં બન્યો હતો? શા માટે?

- 1857નો પ્રથમ બનાવ બંગાળની બરાકપુરની છાવણીમાં બન્યો હતો. બરાકપુરના સિપાઇઓની 19મી પલટને એન્ફિલ્ડ રાઇફલ (ચરબીવાળી કારતૂસો) વાપરવાનો ઇક્કાર કર્યો. આથી અંગ્રેજ અફસરોએ પલટનને વિખેરાઈ જવાનો હુકમ કર્યો. પલટનના સિપાઈ મંગળ પાંડેએ અંગ્રેજ અફસરોને ગોળીથી ઘાયલ કર્યા.